


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com

Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Dr. Emanuel S. Kant

Ph. : 079-25503545 (M) 8780130474



વર્ષ - ૫૩ | ડિસેમ્બર - ૨૦૨૪ | પત્ર - ૧૩૬


## ખ્રિસ્ત આગમનનાં સમયો



વ્હાલા મંડળીનાં ભાઈ-બહેનો,

જોતજોતામાં નાતાલ પર્વની લગોલગ આપણે આવી ગયા. ઈશ્વરે તેની અદ્‌ભૂત કૃપા, પ્રેમ, દયા, સંભાળ આ વર્ષ ૨૦૨૪નાં અંતિમ માસ સુધી આપણા હક્કમાં પૂરા પાડ્યા. માટે જીવંત ઈશ્વરપિતાનો આભાર માનીએ.

નાતાલ પર્વ આવતા આપણે જે હર્ષ આનંદની તેમજ ઉષ્માને ઉર્જાનો આપણાં જીવનમાં અનુભવ કરીએ છે. તેથી આપણે જાણી શકીએ છીએ કે, ઈશ્વરપિતા આપણાં ઉપર અસીમ પ્રેમ કરે છે. ઈશ્વરે પોતાનાં એકાકીજનિત દીકરા પ્રભુ ઈસુ ખ્રિસ્તને સમગ્ર માનવ જગતને માટે પોતાનાં દીકરાનું જીવન આપણે માટે વહેંચ્યું. જે જીવન દ્વારા તેમણે તેમનો પ્રેમ માનવજગતને માટે પ્રગટ કર્યા. પાઉલ પ્રેરિત જણાવે છે. ગલાતી ૪:૪,૫ તેથી જોઈ શકાય છે કે જીવતાં ઈશ્વરપિતાની ઉદ્ધારની યોજનામાં નિશ્ચિત કરેલ સમયોમાં ઠરાવેલ યોજનાને સંપૂર્ણ કરી. ખ્રિસ્તનાં પૃથ્વી પર આવવા દ્વારા આપણો બચાવ થાય. નાશવંત જગતમાં આપણને મહાન આશા આપવામાં આવી. જે કોઈ તેનાં.... યોહાન ૩:૧૬.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પૃથ્વી પર આવવું તે જીવનની સંપૂર્ણતાને માટે યોહાન ૧૦:૧૦ આપણી પાસે જીવન તો છે, જીવંતતા, ભરપૂરીપણાની અધૂરપ છે. જેની શરૂઆત પ્રથમ આદમથી થયેલ છે. એટલે કે ઈશ્વરની આજ્ઞાની અવગણનાંને કારણે પાપે પ્રવેશ કર્યો. જીવન તો છે, જીવંતતા નથી. આપણાં જીવનોમાં આપણે તેના પર વિશ્વાસ મૂકીએ. પાપની માફી, ક્ષમા માંગીએ. તે આપણા પાપ માફ કરવાને સમર્થ તથા ન્યાયી છે. તે અનંતજીવન આપે છે. તેના પર વિશ્વાસ કરવાથી તે અનંત આશીર્વાદ આપે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણાં જીવનમાં જીવંતતા અનુભવીએ. એફેસી ૩:૧૯. ભરપૂરીપણાનું જીવન આપે છે.




પ્રભુ ઈસુ ખ્રિસ્તનું આવવું સમગ્ર માનવજાતના ઉદ્ધારને કલ્યાણને માટે જે પૃથ્વી પર છે, તે સર્વને માટે ઈશ્વરનો પ્રેમ વાસ્તવિક છે. આપણે આભાર માનીએ કે ઈશ્વરનાં વાસ્તવિક પ્રેમનો અનુભવ આપણે આ પર્વનાં સમયમાં ને આ પૃથ્વી પરનાં જીવનમાં અનુભવીએ. પર્વનાં આનંદમાં અનંતજીવનની વાત છે. પરમેશ્વરનો અદ્‌ભૂત પ્રેમની વાત છે. જેમાં હવે સમગ્ર પૃથ્વી પર વચનના તમામનાં ઉદ્ધારની વાત સમાયેલી છે. જે ઈશ્વરનો અનંતકાળિક ઉદ્દેશ્ય છે.

ખ્રિસ્તનું પૃથ્વી પરનું આગમનમાં ઈશ્વરનો અદ્‌ભૂત પ્રેમ, આશા, શાંતિ, આનંદનો અનુભવ જગતનાં લોકો કરે. આ જીવન આપવામાં આવ્યું તે માનવજગતને માટે અનોખી ભેટ છે. ખ્રિસ્તનાં જીવન સ્વાર્પણ દ્વારા ઉદ્ધારની ખાત્રી છે. પાપની માફી, હ્રદયોમાં શાંતિને પુનરૂત્થાનની મહાન આશા, જીવનનાં ભરપૂરીપણાનો સંપૂર્ણ આનંદ આપણને પ્રાપ્ત થાય છે.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : નવેમ્બર

- તા. ૩, ભજનસેવામાં વી.બી.એસ. સન્ડેની ઉજવણી કરવામાં આવી. ચેપલ વક્તા શ્રી નેવિલ ક્રિશ્ચિયન દ્વારા પ્રભુનું વચન લાવવામાં આવેલ. સન્ડેસ્કૂલના ઈનામોનું વિતરણ સન્ડેસ્કૂલ બોર્ડ દ્વારા કરવામાં આવેલ.
- તા. ૧૦, ભજનસેવામાં બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયા, ગુજરાત ઓક્ઝિલિયરીના સેક્રેટરી રેવ. આશિષ અમીન પ્રભુનું વચન લાવ્યા. ‘બાઈબલ સન્ડે’ ઉજવવામાં આવ્યો.
- તા. ૧૭, ભજનસેવા, પાળક પ્રભુનું વચન લાવ્યાં.
- તા. ૨૪, ભજનસેવા, મિશન સન્ડેની ઉજવણી કરવામાં આવી. મેથોડિસ્ટ મિશનરી મુવમેન્ટનાં ડાયરેક્ટર રેવ. લિનસ ઈસાઈ પ્રભુનું વચન લાવ્યા. સાંજના ૪ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, મણીનગરમાં અમદાવાદ ઈસ્ટ, નોર્થ, વેસ્ટનાં પૂર્ણ સભાસદોનાં ઉમેદવારો માટે ખાસ ભજનસેવા.

### ખાસ યાદ રાખશો

**નાતાલની ભજનસેવામાં ૨ દાન લેવામાં આવશે. રેગ્યુલર દાન ઉપરાંત ‘નાતાલનું નજરાણું દાન’ તમારી ૧ દિવસની આવક લાવશો. આભાર.**

## આવનાર માસનાં કાર્ય તરફ દષ્ટિપાત ડિસેમ્બર

- તા. ૧, ભજનસેવા પ્રભુભોજન પળાવવામાં આવશે.
- તા. ૮, ભજનસેવા, વ્હાઈટ ગિફ્ટ સન્ડે
- તા. ૧૪, કીટ વિતરણ માટે મહિલામંડળની બહેનો તથા મંડળીનાં વ્હાલાઓ રાયખડ મનપુર જઈશું. રાયગઢ અને મનપુર પાસ્ટોરેટનાં નવા વિશ્વાસી ખ્રિસ્તી લોકો મધ્યે અનાજની કીટ અને કપડાં વિતરણ.
- તા. ૧૫, ભજનસેવા, પુઅર ફંડ દાન / મંડળીના જરૂરિયાતમંદ કુટુંબોને કીટ વિતરણ (ચર્ચ છૂટ્યા પછી)
- તા. ૨૧, રાત્રે ૮:૩૦ કલાકે કેરલ્સ અને ગરબાનો કાર્યક્રમ
- તા. ૨૨, ભજનસેવા
- તા. ૨૫, નાતાલની ભજનસેવા, નાતાલનું નજરાણું (એક દિવસનો પગાર)
- તા. ૨૯, ભજનસેવા
- તા. ૩૧, રાત્રે ૮:૩૦ વાગે વોચ નાઈટ સર્વિસ અને ગેમ્સનો કાર્યક્રમ

# આપ સર્વને
# શાહપુર મેથોડિસ્ટ ચર્ચ તરફથી
# નાતાલની પ્રેમી સલામ

## BIRTHDATE IN DECEMBER

| | |
|---|---|
| ૧/૧૨ | એન્થની એ. ક્રિશ્ચિયન |
| ૧/૧૨ | એશરોન એ. પેટ્રીક |
| ૧/૧૨ | ક્લેરાબેન જી. મેકવાન (U.S.A.) |
| ૨/૧૨ | અર્પણ અંકુર સોલોમન |
| ૩/૧૨ | કૃતિ નિરવ મહિડા (U.S.A.) |
| ૪/૧૨ | ઉર્વી જે.દાસ |
| ૪/૧૨ | પ્રફુલત્તા ડી. ચૌહાણ |
| ૬/૧૨ | પ્રિયલ નલીન ક્રિશ્ચિયન |
| ૮/૧૨ | ડાયનાબેન એમ. ચૌહાણ |
| ૮/૧૨ | બિપીન બી. પરીખ |
| ૯/૧૨ | રીયાન ક્લેરેન્સ સોલંકી |
| ૧૦/૧૨ | સ્વીટી સુનિલ ભાટીયા |
| ૧૧/૧૨ | ક્રિસ્ટોફર એસ. ક્રિસ્ટી |
| ૧૧/૧૨ | શેષાન એચ. કુંજરાવીયા (U.S.A.) |
| ૧૩/૧૨ | કમળાબેન કે. સોલંકી |
| ૧૪/૧૨ | રીન્કીના એ. ઈમાનુએલ |
| ૧૪/૧૨ | વિક્ટોરીઆ કમલેશ મસિહી |
| ૧૮/૧૨ | પદ્મા સમીર ભાટિયા |
| ૨૨/૧૨ | જીલ વિશાલ ઠાકોર |
| ૨૨/૧૨ | જોય જે. મેકવાન |
| ૨૭/૧૨ | સુસ્મિતા એન. પરીખ |
| ૨૭/૧૨ | પ્રશાંત પી. પરીખ |
| ૨૮/૧૨ | કર્ટીસ રાજેશ ક્રિશ્ચિયન (U.S.A.) |
| ૩૦/૧૨ | શૈલેષભાઈ જે. માસ્ટર |
| ૩૧/૧૨ | ક્રિસ્ટીન પી. ખ્રિસ્તી |

## નાણાંકીય અહેવાલ ઓક્ટોબર - ૨૦૨૪

| | | |
|---|---|---|
| તા.૧-૧૦-૨૪ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧૧૧૨૬.૦૦ |
| | બેંક | ૫૬૫૩૬૬.૫૯ |
| તા.૩૧-૧૦-૨૪ સુધીની | આવક | ૧૪૧૩૯૪.૦૦ |
| | કુલ | ૭૧૭૮૮૬.૫૯ |
| તા.૩૧-૧૦-૨૪ની બંધ સિલક | | |
| | રોકડ | ૧૩૧૮૫.૦૦ |
| | બેંક | ૫૫૨૩૨૫.૫૯ |
| તા.૩૧-૧૦-૨૪ સુધીનો | ખર્ચ | ૧૫૨૩૭૬.૦૦ |
| | કુલ | ૯૫૯૮૨૬.૫૯ |

શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર